||ॐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ સત્પુરુષાય નમ: || ( ૫)

### દેહ રૂપમાં સનાતન ચૈતન્ય સ્વરૂપ એવા

### શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

એકમેવાદ્વિતીય એવો પરમેશ્વર જે નિરાકાર છે, તેની ઈચ્છા થઈ તો તે આકાર ધારણ કરે છે. તેને જ આપણે ' સત્ ચિત્ આનંદ' અથવા ' એકમ સત્ ' એવાં નામોથી ઓળખીએ છીએ.

વિશ્વના પ્રત્યેક પદાર્થમાં સત, ચિત્ અને આનંદ સૂક્ષ્મરૂપે વસે છે. પ્રત્યેક પદાર્થના બે લક્ષણ, જે નામ અને રૂપ છે. સત, ચિત, આનંદ એ પરમાત્મા પાસેથી મળેલા છે. સતત પરિવર્તનશીલ હોવાવાળાનામરૂપ પ્રકૃતિ સાથે સંબંધ છે. સત, ચિત, આનંદને લીધે જ નામરૂપ ગ્રહણ થાય છે. મનુષ્ય આ ત્રણેનું સાકાર સ્વરૂપ છે.

એટલે જ નામ અને રૂપ સતત બદલાતા રહે છે. પરંતુ, જે પરમેશ્વરનું સનાતન સ્વરૂપ છે, તે માત્ર શાશ્વત છે. ભગવાને ગીતામાં અર્જુનને કહ્યું છે- "હે અર્જુન, હું જન્મરહિત, જેના સ્વરૂપમાં ફેરફાર થતો નથી, એવો હોવા છતાં તથા સર્વ પ્રાણી માત્રનો પ્રભુ હોવા છતાં પ્રકૃતિના ખોળામાં અધિષ્ઠિત થઈને મારી માયા વડે જન્મ લઉં છું. મારા અને તારા અનેક જન્મ થઈ ગયા છે. તે બધું હું જાણું છું. પણ તું જાણતો નથી."

ઘણા વર્ષો પહેલાંની આ વાત છે. સ્વામી એકવાર મદ્રાસના ભક્તોને મળવા માટે નીકળ્યા હતા. સાથે બીજા ઘણા ભક્તો પણ હતા. બધી મળીને સાત મોટરો હતી, સ્વામીની મોટર કૃષ્ણા નામનો ભક્ત ચલાવતો હતો. આ કૃષ્ણા ઉમરમાં યુવાન અને શરીરે અતિશય કૃશ હતો. અચાનક મૂશળધાર વરસાદ શરૂ થયો. પ્રવાસ એકદમ ધીમી ગતિએ ચાલુ હતો. સતત મોટર ચલાવીને કૃષ્ણાની ડોક ન દુઃખે એટલા માટે પ્રત્યક્ષ સ્વામીએ પોતાનો હાથ તકિયા તરીકે કૃષ્ણાની ડોક પાછળ ધર્યો હતો. વચ્ચે જ કૃષ્ણાએ કહ્યું – મને કંઈ મીઠું ખાવાનું મન થાય છે " સ્વામીએ તરત ગરમ જલેબી ઉદ્ભવ કરીને તેને અને અન્ય બધાને આપી, જ્યારે વરસાદનું જોર વધ્યું ત્યારે સ્વામી પોતે કાચ ઉપરનું પાણી સાફ કરવા લાગ્યા. આ રીતે ધીમી ગતિએ બધા મદ્રાસ પહોંચ્યા.

જ્યારે કૃષ્ણા પુટ્ટપર્તિમાં હોય, ત્યારે સ્વામી તેની બધી મનગમતી ઈચ્છા પૂરી કરતા. પોતાની થાળીમાંના પદાર્થ તેને ખવડાવતા. આ જોવાવાળા એક જણથી ન રહેવાતા તેણે સ્વામીને પૂછયું – " સ્વામી તમારો કૃષ્ણા ઉપર આટલો પ્રેમ કેમ છે?' સ્વામી પ્રશ્ન પૂછવાવાળા તરફ જોઈને બોલ્યા-"મારા શિરડી અવતારમાં બધા મારી અવહેલના કરતા હતા, મને ગાંડો સમજીને પથ્થર મારતા હતા. ત્યારે એક નાનો છોકરો દોડીને મારી પાસે આવ્યો અને મને વળગીને કહેવા લાગ્યો, ' આ ગાંડો નથી, મહાત્મા છે. તે જ આ જન્મનો કૃષ્ણા છે અને એટલે જ તે મને પ્રિય છે."

આપણા બધા જન્મ તેમને જ્ઞાત છે. તેમજ ગત જન્મના કર્મો પ્રમાણે તે આપણને ફળ આપે છે. કારણ તે શાશ્વત એવા સનાતન ચૈતન્ય સ્વરૂપ છે.

॥ ૐ શ્રી સત્યસાઈનાથાપર્ણસ્તુ ॥